Divyabhaskar (Suppl.: Citybhaskar)

EDII

September 7, 2024
Pg. 1

EDIIના લેક્ચરમાં સવજીભાઈ ધોળકિયાએ કહ્યું,

# ‘જીવનમાં જે લોકો નિષ્ફળ થયા છે, તે સફળ થયા જ છે’

**ગાંધીનગરઃ** EDII દ્વારા 2019માં ઈન્સ્ટિટ્યૂટના સ્થાપક ડૉ. વી.જી. પટેલના કાર્યોને યાદ કરવા લેક્ચર સીરીઝની શરૂઆત કરાઈ હતી. આ છઠ્ઠી લેક્ચર સિરીઝમાં હરિ કૃષ્ણ એક્સપોર્ટ્સ પ્રા.લિ.ના ફાઉન્ડર અને ચેરમેન સવજીભાઈ ધોળકિયાએ હાજરી આપી હતી. કાર્યક્રમમાં ડૉ. દીપક તાતપુજેને ડૉ.વી.જી. પટેલ નેશનલ મેમોરિયલ એવોર્ડ ફોર આંત્રપ્રિન્યોરશિપ ટ્રેનર, એજ્યુકેટર, મેન્ટર 2023 એનાયત થયો હતો. EDIIના ડીજી ડૉ. સુનિલ શુક્લાએ જણાવ્યું કે, ડૉ.પટેલે દેશને આંત્રપ્રિન્યોરશિપ સાથે પરિચય કરાવ્યો છે.



## ફર્સ્ટ પર્સન

સવજીભાઈ ધોળકિયા

મનોબળ મજબૂત બનાવવાનો એકમાત્ર માર્ગ પોતાના કમિટમેન્ટ પૂરા કરવાં છે. જ્યારે તમે કોઈ કામ હૃદયથી કરો છો, ત્યારે તમે સફળ થશો જ. જીવનમાં તમને જે પણ સફળતા કે નિષ્ફળતા મળે છે, તેના જવાબદાર તમે પોતે જ છો. જો તમારા જીવનમાં જટિલતાઓ અને મુશ્કેલીઓ આવે છે, તો સમજી લો કે, તમે સફળતાના માર્ગ પર છો. તમારે મજબૂર નહીં, મજબૂત બનવાનું છે. દુનિયાનું સાંભળ્યા વિના પોતાના કામ પર ધ્યાન આપો, તો તેનું સારું પરિણામ મળશે. કુદરતનો નિયમ છે કે, તમે જે બીજાને આપશો, તે વધીને તમારી પાસે જ પાછું આવશે. એક ખુશ કર્મચારી તમારા માટે જ નહીં, પરંતુ તેની આસપાસના લોકોને પણ પ્રોત્સાહિત કરશે.

## જીવનમાં આ 5 સૂત્રનું ધ્યાન રાખી, 24 કલાક રટણ કરો

**હું શ્રેષ્ઠ છું :** જીવનમાં દરેક વસ્તુ શ્રેષ્ઠ જ હોવા જોઈએ. વર્તન, વિચાર, કામ વગેરે જેવી દરેક વસ્તુ શ્રેષ્ઠ રીતે જ કરો. મિત્રો પણ શ્રેષ્ઠ બનાવો કારણકે, ‘સફળતાનો આધાર મિત્રો છે’

**હું કરી શકું છું:** જીવનમાં કોઈપણ કામ કરતા સમયે યાદ રાખો કે, હું કંઈ પણ કરી શકું છું. આનાથી આત્મવિશ્વાસ વધશે અને કામ સરળ થઈ જશે.

**ભગવાન હંમેશા મારી સાથે છેઃ** એવું વિચારો કે, હું કોઈ પણ કામ કરીશ તેમાં ભગવાન મારી સાથે જ છે.

**હું વિનર છુંઃ** જીવનમાં વિનરની જેમ જ રહો અને નિષ્ફળ થવાથી ગભરાશો નહીં, કારણ કે જે લોકો નિષ્ફળ થયા છે, તે જ ભવિષ્યમાં સફળ થયા છે.

**આજે એક નવો દિવસ છેઃ** તમે તમારી જૂની ભૂલોને અને જૂના દિવસોને ભૂલી જાઓ અને દરરોજ એક નવો દિવસ છે તેનો જ વિચાર કરો. તેનાથી તમારામાં હકારાત્મકતા વધશે.